# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-09-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં નવનિર્મિત ભાજપ કાર્યાલયનું ઉદ્ઘાટન કર્યું
2. ભારત અને ભૂટાન બે સરહદ પાર રેલવે સંપર્ક સ્થાપિત કરવા સંમત થયા
3. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે દેશના દરિયાઈ સુરક્ષા માળખામાં AI, ડ્રોન અને સ્વચાલિત પ્રતિભાવ માળખાને એકીકૃત કરવા પર ભાર મૂક્યો
4. યુરોપિયન મુક્ત વેપાર મંડળ EFTA દેશો સાથેના મુક્ત વેપાર કરાર પહેલી ઓક્ટોબરથી અમલમાં આવશે
5. નવી દિલ્હીમાં જુનિયર વિશ્વ નિશાનેબાજી સ્પર્ધામાં આજે ભારતે સાત ચંદ્રક જીત્યા

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## PM-DELHI BJP OFFICE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હીમાં દીનદયાળ ઉપાધ્યાય માર્ગ પર નવનિર્મિત દિલ્હી ભાજપ કાર્યાલયનું ઉદ્ઘાટન કર્યું. આ કાર્યાલયનું ખાતમુહૂર્ત ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ જૂન, 2023માં કર્યું હતું. આ ક્ષણને નવા સપનાઓ અને નવા સંકલ્પોથી ભરેલી ગણાવતા, પ્રધાનમંત્રીએ ભાજપના કાર્યકરોને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા. શ્રી મોદીએ કહ્યું, નવરાત્રિના પવિત્ર પ્રસંગે દિલ્હી ભાજપને નવું કાર્યાલય મળ્યું છે. તેમણે ઉમેર્યું કે, દિલ્હી ભાજપની તાકાત છેલ્લા દાયકાઓમાં તેના અસંખ્ય કાર્યકરોના સમર્પણ અને મહેનતનું પરિણામ છે.

**(બાઇટ : PM-DELHI)**

આ પ્રસંગે, ભાજપ અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડાએ કહ્યું પ્રધાનમંત્રી મોદીએ તેમના જીવનની દરેક ક્ષણ દેશ અને પક્ષને સમર્પિત કરી છે.

. . . . . . . . . . . .

## INDIA- BHUTAN - RAIL PROJECTS

ભારત અને ભૂટાન કુલ ચાર હજાર 33 કરોડ રૂપિયાના ખર્ચે બે સરહદ પાર રેલવે સંપર્ક પરિયોજના સ્થાપિત કરવા સંમત થયા છે. જેમાં કોકરાઝાર-ગેલેફુ અને બનારહાટ-સમત્સેનો સમાવેશ થાય છે.

નવી દિલ્હીમાં એક સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા, કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આ પરિયોજના ભૂટાનના બે

શહેરો ગેલેફુ અને સમત્સેને જોડશે. તેમણે કહ્યું કે, આ બંને પરિયોજના ભારતીય રેલવે નેટવર્કથી આસામના કોકરાઝાર અને પશ્ચિમ બંગાળના બનારહાટમાં શરૂ થશે. શ્રી વૈષ્ણવે ઉમેર્યું હતું કે કોકરાઝાર-ગેલફુ વચ્ચેનો લગભગ 69 કિલોમીટર લાંબો રેલવે માર્ગ ત્રણ હજાર 456 કરોડ રૂપિયાના ખર્ચે બનાવાશે, જ્યારે 20 કિલોમીટર લાંબી બનારહાટ-સમત્સે રેલવે પરિયોજના 577 કરોડ રૂપિયાના ખર્ચે બનાવાશે.

આ પ્રસંગે, વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ જણાવ્યું હતું કે ભારત દ્વારા ભૂટાન સાથે રેલવે જોડાણ પરિયોજનાનો આ પહેલો તબક્કો હશે. તેમણે કહ્યું કે, આ કનેક્ટિવિટી માટે સમજૂતી કરાર ગયા વર્ષે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ભૂટાનની મુલાકાત દરમિયાન હસ્તાક્ષર કરાયા હતા.

. . . . . . . . . . . . .

## EVE. RAJNATH - COMMANDERS CONF

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે દેશના દરિયાઈ સુરક્ષા માળખામાં કૃત્રિમ બુદ્ધિમતા-AI, ડ્રોન અને સ્વચાલિત પ્રતિભાવ માળખાને એકીકૃત કરવા પર ભાર મૂક્યો છે. આજે નવી દિલ્હીમાં 42મા ભારતીય તટરક્ષક કમાન્ડર્સ સંમેલનના ઉદ્ઘાટન સત્રને સંબોધતા શ્રી સિંહે કહ્યું કે ICG એ સાયબર અને ઇલેક્ટ્રોનિક યુદ્ધ જેવા જોખમો સામે રક્ષણ આપવા માટે તેની તાલીમ અને સાધનોને સતત અનુકૂલન કરવું જોઈએ. શ્રી સિંહે ભાર મૂક્યો કે પ્રતિભાવ સમયને સેકન્ડ સુધી ઘટાડવા અને દરેક સમયે તૈયારી સુનિશ્ચિત કરવા માટે ઓટોમેટેડ સર્વેલન્સ નેટવર્ક અને AI-સક્ષમ સિસ્ટમ્સ આવશ્યક છે.

(બાઇટ : RAJNATH)

મંત્રીએ દરિયાઈ સુરક્ષા જોખમોને ટાળવા અને આપત્તિ પરિસ્થિતિઓના સંચાલનમાં તટ રક્ષકની ભૂમિકાની પ્રશંસા કરી.

. . . . . . . . . . . .

## VAISHNAW – ELECTRONICS

ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, આગામી થોડા વર્ષોમાં, ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ભારતમાં રોજગારના મુખ્ય ક્ષેત્રોમાંના એક તરીકે ઉભરી આવશે. એક સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી વૈષ્ણવેકહ્યું, દેશમાં ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન માળખું વિસ્તરી રહ્યું છે. તેમણે કહ્યું કે, દર અઠવાડિયે નવા સપ્લાયર્સ, મોટાભાગે નાના અને મધ્યમ ઉદ્યોગો, વિકસી રહ્યા છે. તેમણે પ્રકાશ પાડ્યો કે ડિઝાઇન ક્ષમતાઓ વધી રહી છે અને નવી ડિઝાઇન અને ઉત્પાદન પ્રક્રિયાઓ ઉભરી રહી છે.

. . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# SEVA PARV - REFORMS IN RAILWAYS

સેવા અને સુશાસન, એટલે કે જાહેર સેવા અને સુશાસનના મંત્ર દ્વારા સંચાલિત, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર, પરિવર્તન અને પ્રગતિ લાવવા માટે અથાક મહેનત કરી રહી છે. આજે, આ ખાસ શ્રેણી - 'સેવા પર્વ' માં, અમે તમને જણાવીએ છીએ કે મોદી સરકારના રેલવે સુધારાઓ ભારતની જીવનરેખાને કેવી રીતે આધુનિક બનાવી રહ્યા છે.

(વોઇસ કાસ્ટ : SAKLEN-F-SEVA—PARV)

. . . . . . . . . . . . .

# GST REFORMS-HEALTHCARE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલ GST બચત ઉત્સવથી સમાજના તમામ વર્ગોને ફાયદો થઈ રહ્યો છે. આગામી પેઢીના GST સુધારા ભારતની પરોક્ષ કર પ્રણાલીને સરળ બનાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. આ સુધારાઓ આરોગ્ય સંભાળ ક્ષેત્ર પર કર દર ઘટાડીને નાગરિકોને નોંધપાત્ર રાહત આપી રહ્યા છે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : **SOUMYA---GST)**

. . . . . . . . . . . . .

# GOYAL- FTAs

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું છે કે યુરોપિયન મુક્ત વેપાર મંડળ EFTA દેશો - આઇસલેન્ડ, લિક્ટેનસ્ટેઇન, નોર્વે અને સ્વિટ્ઝર્લૅન્ડ સાથે મુક્ત વેપાર કરાર-FTA પહેલી ઓક્ટોબરથી અમલમાં આવશે. શ્રી ગોયલે માહિતી આપી હતી કે વિકસિત દેશો ભારત સાથે FTA પર હસ્તાક્ષર કરવા આતુર છે. ભારતે UAE, ઓસ્ટ્રેલિયા અને UK સાથે આવા કરારો પહેલાથી જ પૂર્ણ કરી દીધા છે. કેન્દ્રીય મંત્રીએ આજે ગ્રેટર નોઈડા ખાતે UP આંતરરાષ્ટ્રીય વેપાર પ્રદર્શનના સમાપન સત્રને સંબોધતા આ મુજબ જણાવ્યુ હતું. તેમણે ઉમેર્યું ભારત યુએસ, EU, ન્યુઝીલેન્ડ, ઓમાન, પેરુ અને ચિલી સાથે પણ ચર્ચા કરી રહ્યું છે, જ્યારે કતાર અને બહેરીને પણ રસ દર્શાવ્યો છે.

. . . . . . . . . . . . .

# ISSF JUNIOR WORLD CUP

નવી દિલ્હીમાં જુનિયર વિશ્વ નિશાનેબાજી સ્પર્ધામાં આજે પણ ભારતે સાત ચંદ્રક જીતીને પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું. મહિલાઓની 10 મીટર એર રાઈફલ સ્પર્ધામાં ઓજસ્વી ઠાકુરે 252.7 પોઈન્ટ સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો. જ્યારે હૃદયા શ્રી કોંડુરે 250.2 પોઈન્ટ સાથે રજત ચંદ્રક જીત્યો. એસ. ક્ષીરસાગરે કાંસ્ય ચંદ્રક જીતીને ગૌરવમાં વધારો કર્યો.

આ જ સ્પર્ધામાં પુરુષોમાં હિમાંશુએ સુવર્ણ અને અભિનવ શોએ કાંસ્ય ચંદ્રક જીત્યો. પુરુષોની 25 મીટર રેપિડ ફાયર પિસ્તોલ સ્પર્ધામાં મુકેશ નવલીએ રજત અને સૂરજ શર્માએ કાંસ્ય ચંદ્રક જીત્યો. ભારત છ સુવર્ણ સહિત કુલ 20 ચંદ્રક સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર રહ્યું.

. . . . . . . . . . . . . .

## ASIA CUP-BCCI

**ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ-BCCI**ના સચિવ દેવજીત સૈકિયાએ એશિયા કપ 2025 ફાઇનલમાં મેચ પછીની વિવાદાસ્પદ ઘટનાની ટીકા કરતા તેને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી છે. તેમણે પુષ્ટિ આપી છે કે આ વર્ષે નવેમ્બરમાં દુબઈમાં યોજાનાર આઈસીસી સંમેલનમાં ઔપચારિક વિરોધ નોંધાવવામાં આવશે.

આ ઘટના ત્યારે બની જ્યારે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ અને એશિયન ક્રિકેટ કાઉન્સિલના પ્રમુખ મોહસીન નકવી પાકિસ્તાન પર ભારતની પાંચ વિકેટની જીત પછી તરત જ વિજેતાઓની ટ્રોફી લઈને ચાલ્યા ગયા હતા. તેનાથી સ્ટેજ ખાલી થઈ ગયું અને ચાહકો સ્તબ્ધ થઈ ગયા.

. . . . . . . . . . . . . .